પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૨ | ૩ એપ્રિલ, ૨૦૨૧, શનિવાર; ફાગણ વદ - ૭ | પાના - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોરોનાના દૈનિક કેસ લાખની નજીક

**ભારતમાં રોજ કોરોનાના નવા એક લાખ દર્દી સામે આવવાની શક્યતા : સ્વાસ્થ્ય વિભાગ સાથે સંકળાયેલી એજન્સીઓનું ચોંકાવનારૂં અનુમાન : સ્વાસ્થ્ય એજન્સી, સરકારની ચિંતા વધી, કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયનો દેશના તમામ રાજ્યોને વધારેને વધારે ટેસ્ટિંગ તેમજ રસીકરણ વધારવા માટે નિર્દેશ**

નવી દિલ્હી, તા. ૨

દેશમાં રોજ જે રીતે કોરોનાના દર્દીઓની સંખ્યા વધી રહી છે તે જોતા હવે સ્વાસ્થ્ય વિભાગ સાથે સંકળાયેલી એજન્સીઓએ ચોંકાવનારુ અનુમાન લગાવ્યુ છે.

જે પ્રમાણે આગામી દિવસોમાં ભારતમાં રોજ કોરોનાના નવા એક લાખ દર્દીઓ સામે આવે તેવી શકયતા છે.છેલ્લા ૨૪ કલાકની વાત કરવામાં આવે તો કોરોનાથી વધુ ૮૧૦૦૦ લોકો સંક્રમિત થયા છે.જેના પગલે સ્વાસ્થ્ય એજન્સીઓ અને સરકારની ચિંતા વધી રહી છે.કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે દેશના તમામ રાજ્યોને વધારેને વધારે ટેસ્ટિંગ રકવા માટે તેમજ રસીકરણ વધારવા માટે નિર્દેશ આપ્યો છે.

આ પહેલા ગયા ઓક્ટોબર મહિનામાં એવુ થયુ હતુ કે, રોજ ૮૧૦૦૦ કરતા વધારે દર્દીઓ કોરોનાના સપાટામાં આવતા હોય પણ એ પછી તેમાં ઘટાડો થવા માંડ્યો હતો.જોકે નવી લહેરમાં જે રીતે દર્દીઓ વધી રહ્યા છે તે જોતા સ્વાસ્થ્ય મંત્રાલયના નિષ્ણાતોનુ અનુમાન છે કે, રોજ એક લાખ કરતા વધારે નવા દર્દીઓ સામે આવી શકે છે.

આ માટે કોરાના વાયરસની વધેલી મારક ક્ષમતા અને લોકોની બેદરકારી જવાબદાર બનશે.ઈન્ડિયન કાઉન્સિલ ફોર મેડિકલ રિસર્ચના ડોક્ટર સમીરન પાંડાના મતે લોકોએ હાલમાં વધઆરે એલર્ટ રહેવાની જરુર છે.કારણકે આ વાયરસ ખતરનાક સ્વરુપ ધારણ કરી રહ્યો છે.જે રીતે નવા કેસ સામે આવી રહ્યા છે તે જોતા હવે દર્દીઓનો આંકડો વધી શકે છે.

કોરોનાના ૮૦ ટકા દર્દીઓ પાંચ રાજ્યોમાંથી છે.જેમાં મહારાષ્ટ્ર, કેરલ કર્ણાટક છત્તીસગઢ અને પંજાબનો સમાવેશ થાય છે.બીજી તરફ અરુણાચલ પ્રદેશ, આસામ, આંદામાન નિકોબાર, મિઝોરમ, સિકિક્મ, લદ્દાખ અને નાગાલેન્ડ તથા ત્રિપુરામાં કોરોનાથી કોઈ મોત થયુ નથી. દેશમાં હાલમાં કોરોનાથી સંક્રમિત લોકોનો આંકડો ૧.૨૩ કરોડથી વધી ચુક્યો છે.

## દેશમાં ૬ મહિના બાદ વિક્રમી ૮૧ હજાર નવા કેસ નોંધાયા

**મહારાષ્ટ્ર સ્થિતિ વણસી : કોરોનાના એક દિવસમાં ૪૩,૦૦૦ રેકોર્ડબ્રેક કેસ નોંધાયા : વધુ ૪૬૧ના મોત સાથે મૃતાંક ૧,૬૩,૩૯૬એ પહોંચ્યો : મહામારીમાં સપડાયેલાનો કુલ આંકડો ૧.૨૩ કરોડથી ઉપર પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૨

ભારતમાં ૬ મહિના પછી કોરોનાના ૨૪ કલાકમાં ૮૧,૪૬૬ નવા કેસ નોંધાયા છે, ૨ ઓક્ટોબર ૨૦૨૦ના દિવસે દેશમાં ૮૧,૪૮૪ કેસ નોંધાયા હતા અને તે પછી લાંબા સમયે એક સાથે આટલો મોટો આંકડો પહોંચ્યો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના આંકડા પ્રમાણે શુક્રવારે દેશમાં નવા નોંધાયેલા ૮૧,૦૦૦ કરતા વધુ કેસ સાથે કુલ કેસનો આંકડો ૧,૨૩,૦૩,૧૩૧ થઈ ગયો છે.

વધુ ૪૬૯ લોકોએ પાછલા ૨૪ કલાકમાં કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે જેની સાથે કુલ આંકડો ૧,૬૩,૩૯૬ થઈ ગયો છે. એક દિવસમાં આટલા મૃત્યુઆંક ૬ ડિસેમ્બર પછી પહેલીવાર નોંધાયા છે.

ભારતમાં કોરોનાને હરાવીને સાજા થયેલા લોકોની ટકાવારી ૯૩.૬૭% છે. ભારતમાં અત્યાર સુધીમાં કોરોનાને હરાવનારા દર્દીઓની સંખ્યા ૧,૧૫,૨૫,૦૩૯ થઈ ગઈ છે. જ્યારે કુલ કોરોના કેસ સામે મૃત્યુઆંકની ટકાવારી ૧.૩૩% છે.

ભારતમાં કોરોનાના એક્ટિવ કેસનો આંકડો ૬ લાખને પાર કરી ગયો છે. જ્યારે પથી ૬ લાખ સુધી પહોંચતા માત્ર ૪ દિવસનો સમય લાગ્યો છે. આ દેશમાં ચાલી રહેલી કોરોનાની બીજી લહેર દરમિયાન સૌથી ઝડપી એક્ટિવ કેસ વધ્યા છે.

ભારતમાં સપ્ટેમ્બર અંતિમ અઠવાડિયા સાથે હાલની સરખામણી થઈ રહી છે, પરંતુ મૃત્યુઆંક તે દિવસો કરતા ઘણો નીચો છે. ૧ એપ્રિલના રોજ ૪૬૯ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો છે. જ્યારે ૧ ઓક્ટોબરે ૧,૧૦૨ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યો હતો.

## મધ્યપ્રદેશમાં ૪ શહેરોમાં લોકડાઉન લાગુ કરાયું

**રતલામ, બૈતૂલ, છિંદવાડા અને ખરગોનમાં લોકડાઉન**



ઈન્દોર,તા.૨

મધ્ય પ્રદેશમાં કોરોના સંક્રમણની સ્થિતિ હવે વિકરાળ થતી જઈ રહી છે. ભોપાલ-ઈન્દોર ઉપરાંત બીજા શહેરોમાં સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. ગુરૂવારના ૨૫૪૬ દર્દી મળ્યા હતા. ત્યારબાદ સરકારે ૪ અન્ય શહેરોમાં લોકડાઉન લગાવવાનો નિર્ણય કર્યો છે, જેમાં રતલામ, બૈતૂલ, છિંદવાડા અને ખરગોન સામેલ છે. સરકારે આ ચારેય જિલ્લામાં લોકડાઉન લગાવવાનો નિર્ણય કર્યો છે. છિંદવાડામાં વહીવટી તંત્રએ ૮૮ કલાક સુધી લોકડાઉનનો નિર્ણય લીધો છે.

## રાજ્યમાં કોરોના બેરોકટોક નવા ૨૬૪૦ કેસ નોંધાયા

**૨૪ કલાકમાં ૧૧ દર્દીના મોત : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૬૨૯, વડોદરામાં ૩૭૫, સુરતમાં ૬૪૪ કેસ : ૪૪૦૩૪૬ લોકોનું રસીકરણ કરાયું**

ગાંધીનગર, તા. ૨

રાજયમાં સતત કોરોના કેસમાં વધારો થઈ રહ્યો છે. દિવસે ને દિવસે નવા રેક્રોડ સ્થાપિત થઈ રહ્યા છે. ગુરૂવારે ૨૪૧૦ કેસ નોંધાયા હતા જ્યારે આજે ગત ૨૪ કલાકમાં ૨૬૪૦ કેસ નોંધાયા છે. દિવસે ને દિવસે વધતા જતા ચિંતા વધારી રહ્યા છે. ગુજરાતમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે વિકટ થતી જાય છે. રોજ કોરોનાના આંકડા પોતાનો જ રેકોર્ડ તોડી રહ્યા છે. આજે ગુજરાતનાં નવા ૨૪૧૦ કેસ નોંધાયા છે.

જ્યારે ૨૦૬૬ લોકો રિકવર થઈને પરત ફરી ચુક્યા છે. આ પ્રકારે કુલ ૨,૯૪,૬૫૦ દર્દીઓ કોરોનામાંથી સાજા થયા છે. જો કે કોરોનાનો ગુજરાતનો રિકવરી રેટ ૯૪.૨૧ ટકાએ પહોંચ્યો છે. જો કે બીજી તરફ સરકારે વેક્સિનેશન બાબતે પણ નવો રેકોર્ડ સ્થાપ્યો છે. ૬૫,૦૬,૦૨૮ વ્યક્તિઓનું રસીકરણ કરવામાં આવ્યું છે.

આજથી ૪૫થી વધારે વય ધરાવતા તમામ લોકોનાં રસીકરણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ૫૭,૭૫,૯૦૪ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું ૭,૩૦,૧૨૪ વ્યક્તિઓનાં બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થયું છે. આ પ્રકારે કુલ ૬૫,૦૬,૦૨૮ રસીકરણના ડોઝ આપવામાં આવ્યા. ૬૦ વર્ષથી વધારે વયના અને ૪૫-૬૦ વર્ષના કુલ ૩,૫૧,૮૦૨ લોકોને પ્રથમ ડોઝનું અને ૨૯,૧૩૭ લોકોને બીજા ડોઝનું રસિકરણ પુર્ણ કરવામાં આવ્યું છે. જો કે હજી સુધી એક પણ વ્યક્તિને રસીકરણની આડઅસર જોવા મળી નથી.

રાજ્યમાં એક્ટિવ કેસની વાત કરીએ તો ૧૩૫૫૯કેસ એક્ટિવ છે જે પૈકી ૧૫૮ લોકો વેન્ટિલેટર પર છે. આ ઉપરાંત ૨,૯૪,૬૫૦ લોકોને ડિસ્ચાર્જ કરી દેવાયા છે.

## આસામમાં ભાજપના ઉમેદવારની કારમાંથી EVM મળતાં ૪ કર્મી સસ્પેન્ડ

**કાર વિધાનસભામાં ઉમેદવાર કૃષ્ણેન્દુની હતી જેમાં કોઈ ચૂંટણી અધિકારી નહોતો અને કોઈ સુરક્ષા વ્યવસ્થા નહોતી**

દિસપુર, તા. ૨

આસામ વિધાનસભા ચૂંટણી માટે ચાલી રહેલા પ્રચારની વચ્ચે ભાજપના એક ઉમેદવારની કારમાંથી મળેલા ઈવીએમના પગલે ખળભળાટ મચી ગયો છે.



સૌથી પહેલા કોંગ્રેસના નેતા શશી થરુર અને મહાસચિવ પ્રિયંકા ગાંધીએ આ વિડિયો શેર કર્યો હતો.એ પછી તપાસમાં ખબર પડી હતી કે, જે ગાડીમાંથી ઈવીએમ મળ્યા છે તે આસામ વિધાનસભામાં ભાજપના ઉમેદાવર કૃષ્ણેન્દુ પાલની છે.ખાસ વાત એ છે કે, કાર સાથે કોઈ ચૂંટણી અધિકારી નહોતો અને કોઈ સુરક્ષા વ્યવસ્થા પણ નહોતી.

આ મામલે મચેલા હોબાળા બાદ ચૂંટણી પંચે ચાર મતદાન અધિકારીઓને સસ્પેન્ડ કરી દીધા છે અને સાથે સાથે પોલીસ ફરિયાદ કરવાનો આદેશ પણ અપાયો છે.ચૂંટણી પંચે જિલ્લા કલેકટર પાસે આ અંગે રિપોર્ટ પણ માંગ્યો છે.ચૂંટણી પંચને મળેલી માહિતી પ્રમાણે મતદાન માટેની ટુકડીની ગાડી અધવચ્ચે ખરાબ થઈ ગઈ હતી.

● અનુસંધાન પાન-૭ પર

## મહારાષ્ટ્રમાં લોકડાઉનની શક્યતા

**મુંબઈમાં એક જ દિવસમાં ૮,૬૪૬ કેસ નોંધાયા : મહારાષ્ટ્રમાં સંક્રમણના કુલ કેસ વધીને ૨૮,૫૬,૧૬૩ થયા**

મુંબઈ, તા.૨

મુંબઈમાં ગુરુવારે કોરોના





વાયરસના નવા ૮,૬૪૬ કેસ સામે આવ્યા છે. મુંબઈમાં એક દિવસે નોંધાયેલા આ સૌથી વધારે કેસ છે.

જ્યારે બીજી તરફ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેએ કોરોના મહામારી સંદર્ભે સંબોધન કરતા જણાવ્યું હતું કે, જો ૨ દિવસમાં રાજયની સ્થિતિ સુધરશે નહિ તો સંપૂર્ણ લોકડાઉન કરવા સરકાર મજબૂર બનશે.

જ્યારે મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૭ હજારથી વધારે કેસ નોંધાયા છે.

સ્વાસ્થ્ય વિભાગના જણાવ્યા પ્રમાણે મુંબઈમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના મહામારીને પગલે ૧૮ દર્દીનાં મોત થયા છે. ૫,૦૩૧ લોકોને સારવાર બાદ રજા આપવામાં આવ છે. સ્વાસ્થ્ય વિભાગ પ્રમાણે કોવિડ-૧૯ને પગલે મુંબઈમાં અત્યાર સુધી ૧૧,૭૦૪ દર્દીના મોત થઈ ગયા છે, હાલ ૫૫,૦૦૫ લોકો સારવાર હેઠળ છે. આ દરમિયાન મુંબઈના મેયર કિશોરી પેડનેકરે કહ્યું છે કે મુંબઈમાં લૉકડાઉન લાગશે કે નહીં તે અંગે બહુ ઝડપથી નિર્ણય કરવામાં આવશે.

### પૂણે શહેરમાં સાત દિવસ માટે આશિંક લોકડાઉન લાગુ કરાયું

મહારાષ્ટ્રમાં કોરોનાએ ભયંકર સ્થિતિ સર્જી છે.આખા દેશમાં સૌથી વધારે કોરોનાના દર્દીઓ મહારાષ્ટ્રમાં જ સામે આવી રહ્યા છે ત્યારે રાજ્યમાં લોકડાઉન લાગુ થશે કે નહીં તેની અટકળો વચ્ચે પૂણે શહેરમાં આંશિક લોકડાઉન લાગુ કરી દેવાયુ છે.જે સાત દિવસ માટે રહેશે. આ લોકડાઉન અંગે ગાઈડલાઈન જાહેર કરાઈ છે.જેમાં જરુરી સેવાઓને બાકાત રખાઈ છે.સરકારના આદેશ પ્રમાણે બાર, રેસ્ટોરન્ટ, હોટલો આગામી સાત દિવસ સુધી બંધ રહેશે.જોકે હોમ ડિલિવરી માટે છૂટ આપવામાં આવી છે.સરકારના આદેશ પ્રમાણે લગ્ન અને અંતિમ સંસ્કારને છોડીને બીજા તમામ પ્રકારના કાર્યક્રમો પર રોક લગાવી દેવાઈ છે. લગ્નમાં પણ મહત્તમ ૨૦ અને અંતિમ ક્રિયામાં ૫૦ લોકો જ સામેલ થઈ શકશે.સરકારનો નવો આદેશ આવતીકાલથી લાગુ થશે.

## સ્ટાલિનના જમાઈના ઘરે ITના દરોડાથી રાજકારણ વધુ ગરમાયું

**તામિલનાડુમાં આવકવેરા વિભાગનો સપાટો : ચૂંટણી પહેલાં સબરીસનના ઘર, ફાર્મ હાઉસ સહિતના સ્થળોએ આવકવેરાની ટીમો આજે સવારે એક સાથે ત્રાટકી**

ચેન્નઈ, તા. ૨

તામિલનાડુમાં વિધાનસભા ચૂંટણી પહેલા આવકવેરા વિભાગે ડીએમકેના નેતા સ્ટાલિનના



જમાઈના ઘરે દરોડા પાડતા અહીંનુ રાજકારણ ગરમાયુ છે.

સ્ટાલિનના જમાઈ સબરીસનના ઘર, ફાર્મ હાઉસ સહિતના સ્થળોએ આવકવેરાની ટીમો આજે સવારે એક સાથે ત્રાટકી હતી.જોકે કાર્યવાહી અંગે હજી વધારે ખુલાસો થયો નથી પણ એવુ મનાય છે કે, સ્ટાલિનના જમાઈના ઘરમાં મોટા પાયે રોકડ રકમ છુપાવાઈ હોવાની બાતમી આવકવેરા વિભાગને મળી હતી.

તામિલનાડુમાં ૨૩૪ બેઠકો માટે ૬ એપ્રિલે મતદાન થવાનુ છે.ડીએમકે અને કોંગ્રેસ ભેગા મળીને ભાજપ અને એઆઈડીએમકે સામે ચૂંટણી લડી રહ્યા છે.આ સંજોગોમાં ચૂંટણી પહેલા જ પાડવામાં આવેલા દરોડોના પગલે તામિલનાડુમાં રાજકીય ગરમાવો વધી ગયો છે.

આઈટી વિભાગે જે સ્થળોએ દરોડા પાડ્યા છે તેમાંથી એક સ્થળે સ્ટાલિનની પુત્રી એટલે કે સબરીસનના પત્ની રહે છે.

## ભારત બાયોટેકને મળી નાકથી અપાતી કોરોના વેક્સિનના પરીક્ષણની મંજૂરી

ન્યુ દિલ્હી,તા. ૨

કોરોનાથી બચવા માટે વિવિધ પ્રકારની વેક્સિન ઉપલબ્ધ થાય તેની સંભાવનાઓ વધી રહી છે. આ ઉપક્રમે જ નાકથી આપી શકાય તેવી વેક્સિન પણ ટૂંક સમયમાં જ ઉપલબ્ધ થઈ શકે છે. ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયાની નિષ્ણાંતોની ટીમે હૈદરાબાદ ખાતેની ભારત બાયોટેક કંપનીને નાકથી અપાતી વેક્સિનના પહેલા તબક્કાના પરીક્ષણ માટે મંજૂરી આપી છે.

નિષ્ણાંતોની ટીમ સમક્ષ પહેલા તબક્કાના પરીક્ષણના પરિણામ રજૂ કરવામાં આવશે અને તેની સમીક્ષા બાદ જ આગલા તબક્કાના પરીક્ષણની મંજૂરી અપાશે. કંપનીના કહેવા પ્રમાણે દેશના ૪ રાજ્યોમાં આ વેક્સિનનું પરીક્ષણ કરાશે જેમાં મહારાષ્ટ્ર, બિહાર, તમિલનાડુ અને તેલંગાણાનો સમાવેશ થાય છે.

## તાઈવાનમાં ટ્રેન પાટા પરથી ઊતરી જતાં ૩૬ યાત્રીનાં મોત

તાઈપે, તા. ૨

તાઈવાનના પૂર્વ વિસ્તારમાં એક ટ્રેન પાટા પરથી ઉતરી જતા ઓછામાં ઓછા ૩૬ મુસાફરો મોત જ્યારે ડઝનેક લોકો ઘાયલ થયા હોવાના સમાચાર મળ્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર ટ્રેનમાં ૩૫૦ મુસાફરો હતા. અહેવાલો મુજબ એક ચટ્ટાન નીચે આવી પડતા ટનલમાંથી બહાર આવી રહેલી ટ્રેન તેની સાથે ટકરાઈ હતી. જે બાદ ટ્રેન પાટા પરથી નીચે ઉતરકા દુર્ઘટના સર્જાઈ હતી.

ટ્રેનનો મોટાભાગનો હિસ્સો હજી પણ ટનલમાં અટવાઈ જવાથી બહાર નીકળવાનો પ્રયાસ કરી રહેલા મુસાફરોને સલામત સ્થળે પહોંચવા માટે દરવાજા, બારી અને છત ઉપર ચઢવાની ફરજ પડી છે.

● અનુસંધાન પાન-૭ પર





